

ઑલ ઈન્ડિયા ઈન્ફર્મેશન ટેકનોલૉજી માટે ગુજરાતમાં શ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાત પ્રમુખ અને ગાંધીનગરના રહેવાસી ઍડવોકેટ અશ્વિન ત્રિવેદીને સંસ્થાના પ્રમુખ વિષ્ણુપ્રસાદ શુકલાના હસ્તે ઈન્દોર ખાતે પ્રમાણપત્ર ઍનાયત કરવામાં આવ્યું હતું.

# આર.જી. પટેલ અને એસ.બી. પટેલ કન્યા શાળાની ૨૫૦ બહેનો રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય પર્વમાં જોડાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર હેલીપેડ ખાતે ૬૬માં સ્વાતંત્ર્ય પર્વની રાષ્ટ્રીય ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી. આ ઉજવણીમાં આર.જી. પટેલ કન્યા શાળા તેમજ એસ.બી. પટેલ કન્યા શાળાની ૨૫૦ વિદ્યાર્થિનીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

ગાંધીનગર હેલીપેડ ખાતે ૧૫ ઓગષ્ટના રોજ સંજયપ્રસાદ દ્વારા ધ્વજવંદન કરી ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો.

શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા વેશભૂષા દ્વારા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, રાણી લક્ષ્મીબાઈ, ભારતમાતા જેવી પ્રતિકૃતિઓ રજૂ કરાઈ હતી. લોકોમાં રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિ જાગૃત થાય તે માટે દેશભક્તિના ગીતો પર ડાન્સ રજૂ કર્યો હતો.

આ કાર્યક્રમને તૈયાર કરાવનાર શિક્ષિકાઓ જયશ્રીબેન મહંત, ઉર્વશીબેન, શર્મિષ્ઠાબેન, જ્યોત્સનાબેન, હંસાબેન અને નંદાબેન હતા. તમામને આચાર્ય તેમજ ડી.ઈ.ઓ. કચેરી દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

## આર. સી. પટેલ હાઈસ્કૂલનું ગૌરવ




ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ગાંધીનગર સ્થિત આર.સી. પટેલ હાઈસ્કૂલનો વિદ્યાર્થી કૃષ્ણવીરસિંહ ઝાલા તાજેતરમાં જુડો, ટેબલ સોસર, સર્કલ કબડ્ડી અને વેઈટ લિફટીંગ સ્પર્ધામાં સમગ્ર ગાંધીનગર જિલ્લામાં પ્રથમ આવ્યો છે અને શાળાનું ગૌરવ વધાર્યું છે.

જૂડો, ટેબલ સોસર, સર્કલ કબડ્ડી અને વેઈટ લિફટીંગ સ્પર્ધાની સાથે સાથે ગાંધીનગર ઝોનમાં પણ ગોળા ફેંક અને હથોડા ફેંક સ્પર્ધામાં કૃષ્ણવીરસિંહ ઝાલા પ્રથમ ક્રમે વિજેતા બન્યો છે. સીમલા ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય ટેબલ સોસર સ્પર્ધામાં સિંગલ અને ડબલ એમ બંને સ્પર્ધામાં તેણે ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. ગાંધીનગર જિલ્લાના ચિલોડા ખાતે આવેલી ઓમલેન્ડ પાર્ક સ્કૂલમાં સર્કલ કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી. જિલ્લા કક્ષાની આ સ્પર્ધામાં પણ કૃષ્ણવીરસિંહે પ્રથમ ક્રમ મેળવી પોતાના સમાજનું અને શાળાનું ગૌરવ વધાર્યું છે.

## વિકસતી જાતિ આદર્શ નિવાસી શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૧

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે અન્ડર-૧૭, તેમજ બાળ વિભાગની જુડો ભાઈઓની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં આદર્શ નિવાસી શાળા (વિકસતી જાતિ)ના અનામિયા કેતન ૩૫ કિ.ગ્રા. પ્રથમ, ઠાકોર કેતનસિંહ ૪૦ કિ.ગ્રા. દ્વિતીય, ચૌહાણ અર્જુનસિંહ ૩૦ કિ.ગ્રા. તૃતીય ક્રમે, ચૌહાણ દિલીપસિંહ ૪૬ કિ.ગ્રા. દ્વિતીય વિજેતા બનેલ છે. જિલ્લા નાયબ નિયામક, આચાર્ય બારૈયા તેમજ પરિવાર અભિનંદન પાઠવેલ છે.

# સમસ્ત બ્રહ્મસમાજના તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૧

સમસ્ત બ્રહ્મસમાજ, સેક્ટર-૨૩ શાખા ગાંધીનગરના ઉપક્રમે આંબેડકર હોલ, સેક્ટર-૧૨ ખાતે તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

તેજસ્વી તારલાઓને સન્માનીત કરવાના કાર્યક્રમની શરૂઆત દેવાંગી મહેતાના ગણેશ વંદના અને શિવ તાંડવ સ્તોત્રથી કરવામાં આવી હતી. પ્રમુખ પ્રદીપભાઈ દવેએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. તથા મંત્રી મેહુલભાઈ દવેએ સંસ્થાના વાર્ષિક કાર્યક્રમોની રૂપરેખા આપી હતી. કાર્યક્રમ દરમિયાન સમાજમાં કંઈક નવું કરનાર અને સમાજને નવી દિશા ચિંધવાનું કામ કરનાર પાંચ જેટલી વ્યક્તિઓને તેમની વિશિષ્ટ સિદ્ધિ બદલ સમાનીત કરવામાં આવ્યા હતા. સમાજની બે દીકરીઓને વિશિષ્ટ સેવાઓ બદલ સનમાનવામાં આવી હતી. દાતાઓને સમાજ વતી મોમેન્ટો અર્પણ કરી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કે.જી. થી ધો. ૧૨ સુધીના વિદ્યાર્થીઓને પ્રથમ ત્રણ નંબર મુજબ ઈનામ આપી બાકીના વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યું હતું. કોલેજ, ડીગ્રી અને ડિપ્લોમાં વાળા વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમું સંચાલન જયશ્રીબેન ખેતીયાએ કર્યુ હતુ.

આભારવિધિ કાર્યક્રમના કન્વીનર મુકેશભાઈ શુક્લએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા બ્રહ્મસમાજના કારોબારી મિત્રો, હોદેદારો, સલાહકારો તેમજ સે. ૨૩ શાખાના બ્રહ્મબંધુઓએ મોટુ યોગદાન આપ્યું હતું.

# ડેમોક્રેટિક પીપલ્સ એસો. દ્વારા ધાર્મિક સ્થળોનો પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન, ગુજરાત ગાંધીનગરના પ્રમુખ બી.પી. પરમારે અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન દ્વારા તાજેતરમાં સંસ્થાના સભ્યો અને પરિવારોનો ધાર્મિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. ધાર્મિક પ્રવાસના એસોસિએશનના સભ્યોએ ગાંધીનગરથી મરતોલી-ચેહરમાતાના ધામના દર્શન કરી બહુચરાજી મંદિર, મોઢેરા સૂર્ય મંદિર, કુણઘેરમાં ચૂડેલમાતાના દર્શન કર્યા હતા. ત્યાંથી સૌ માણકી વાવ, સહસ્ત્રલીંગ તળાવ, વિરમાયાની ટેકરી અને પાટણ મહાકાળી મંદિર, બાલારામ ખાતે વરૂણ દેવના દર્શન પૂજન કર્યા હતા. અંબાજીના દર્શન સાથે સૌએ પ્રાર્થના કરી મનોકામનાના આશીર્વાદ માંગ્યા હતા. પ્રવાસમાં પ્રમુખ બી.પી. પરમાર, એ.એ. પરમાર, એસ.ડી. પરમાર, મૂળજીભાઈ પરમાર, જે.સી. પરમાર, ડી.એમ. પરમાર, કે.એમ. પરમાર, એમ.જી. ચૌહાણ, આર.એમ. શ્રીમાળી વગેરેએ ભારે જહેમત ઉઠાવી પ્રવાસને સફળ બનાવ્યો હતો.

## ચરાડા હાઈસ્કુલના ૧૩ વિદ્યાર્થીઓ જુડો સ્પર્ધામાં રાજય કક્ષાએ ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૧

કે.જી. હાઈસ્કુલ ચરાડાના વિદ્યાર્થીઓએ વિવિધ જુડોની શાળાકીય-વિભાગીય સ્પર્ધામાં સુંદર દેખાવ કરેલ છે. ૧૩ વિદ્યાર્થીઓએ પ્રથમ નંબર મેળવીને રાજયકક્ષામાં સ્થાન મેળવેલ હતું. વિજેતા ખેલાડીઓમાં સોહમ ચૌધરી, અજીત ચમાર, કૃણાલ ઠાકોર, માર્ગી ચૌધરી, મિત્તલ ચૌધરી, નિશા જોશી, શિવાની ફણેજા, જીનલ સુથાર, સુરેખા રાવલ અને સોનલ દેસાઈ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે.

વિજેતા ખેલાડીઓને વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે માર્ગદર્શન આપેલ હતું. આચાર્ય બાબુભાઈ ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

# JG કોલેજે એમકોમ પ્રવેશમાં ગેરરિતી કર્યાનો સીધો આક્ષેપ

## કોલેજના આચાર્ય ૨૦ હજાર ડોનેશન લેતા હોવાનો આક્ષેપ

## કોલેજમાં પ્રાથમિક સુવિધાઓ નહીં હોવાના મામલે રોષ

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન જે.જી.કોમર્સ કોલેજમાં ચાલતા એમકોમના ગ્રાન્ટેડ અને સેલ્ફફાયનાન્સ કોર્સમાં પ્રથમ સેલ્ફફાયનાન્સ કવોટાની બેઠકો ભર્યા બાદ ગ્રન્ટેડ કોર્ષની બેઠકો ભરવાની શરૂઆત કરી અને તેમાં પણ વિદ્યાર્થીઓ પાસે રૂપિયા ૨૦ હજાની માંગણી કરવામાં આવતા આજે સવારે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ કોલેજ ખાતે દેખાવ કર્યા હતા. આ ઉપરાંત કોલેજમાં પ્રાથમિક સુવિધાનો પણ અભાવ હોવાનો રોષ વ્યકત કર્યો હતો.

સેટેલાઈટના ડ્રાઈવ-ઈન વિસ્તારમાં આવેલી જે.જી.કોમર્સ કોલેજ વિદ્યાર્થીઓ પાસે ડોનેશન લેવાના મુદ્દે વારંવાર બદનામ થાય છે તેમછતાં તેની સામે કોઈ જ કાર્યવાહી થતી નથી. જેના પગલે કોલેજના આચાર્ય અને સંચાલકો હવે ખુલ્લેઆમ લૂંટફાટ ચલાવી રહ્યા છે. કોલેજમાં આજે દેખાવ કરવા આવેલા વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો છેકે કોલેજના આચાર્ય સૌરભ ચોકસીએ એમકોમમાં પ્રથમ સેલ્ફફાયનાન્સ કોર્સની બેઠકો ભરી દીધા બાદ હવે ગ્રાન્ટેડ કોર્ષની બેઠકો ભરવાનું શરૂ કર્યું છે. મેનેજમેન્ટ કોર્ષની બેઠકો ભરતી વખતે ગ્રાન્ટેડ કોર્ષની બેઠકો ભરાઈ ગયા હોવાનું જણાવ્યું હતું. પરંતુ ત્યારબાદ અચાનક ગ્રાન્ટેડ કોર્ષની બેઠકો ભરવાનું શરૂ કર્યુ અને તેના ઉપર પ્રવેશ લેવા માટે આવનાર વિદ્યાર્થીઓ પાસે રૂપિયા ૨૦ હજાર ડોનેશનની માંગણી પણ કરવામાં આવી રહી છે. ગ્રાન્ટેડ કોર્ષની બેઠકો ઉપર લાયક વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવામાં આનકાની કરવામાં આવે છે. આ ઉપરાંત યુનિવર્સિટીના નિયમ મૂજબ ત્રણ માળથી વધારે ઉચાંઈ ધરવતા કોલેજના બિલ્ડીંગમાં વિદ્યાર્થીઓ માટે લીફટ ફરજિયાત હોવી જોઈએ.પરંતુ જે.જી.કોલેજમાં લીફટ હોવા છતાં વિદ્યાર્થીઓને તેનો ઉપયોગ કરવા દેવામાં આવતો નથી. કોલેજમાં પાર્કિંગની પણ સુવિધા નથી. આ મુદ્દે આજે વિદ્યાર્થીઓએ બે કલાક દેખાવ કરી વિરોધ વ્યકત કર્યો હતો. બીજીબાજુ સીન્ડીકેટમાં થયેલા ઠરાવ મુજબ સૌરભ ચોકસીને આચાર્ય તરીકેની લાયકાત ધરાવતા હોવાના તમામ ડોક્યુમેન્ટ રજૂ કરવા માટે શો કોઝ નોટીસ આપવામાં આવી છે. તેમને તા. ૨૮મી ઓગસ્ટ સુધીમાં પૂરાવવાની સાથે જવાબ રજૂ કરવા જાણ કરવામાં આવી છે.

# સેલ્ફ ફાયનાન્સની કોલેજોને મંજૂરીના નિર્ણય સામે રોષ

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત યુનિવર્સિટીની તાજેતરમાં મળેલી સીન્ડીકેટની બેઠકમાં સેલ્ફફાયનાન્સ કોલેજોને કાયમી મંજૂરી આપવાના નિર્ણય સામે ભાજપના સીન્ડીકેટ સભ્યો સહિત શિક્ષણવિદોમાં મતમંતાતર રહેતા આ નિર્ણય રદ થવાની શક્યતા છે. આગામી બેઠકમાં આ નિર્ણય મુકાય ત્યારે તેને રદ કરવાની રજૂઆત કરાશે. નિષ્ણાતો કહે છેકે સેલ્ફફાયનાન્સ કોલેજોને કાયમી મંજૂરી આપવાથી યુનિવર્સિટીનો કોઈ દબાવ રહેતો નથી. જેથી આ નિર્ણય કાયમી કુલપતિની નિમણૂંક પછી લેવાય તેવી શક્યતા છે. ગુજ.યુનિ.ની તાજેતરમાં મળેલી સીન્ડીકેટેની બેઠકમાં તમામ સેલ્ફફાયનાન્સ કોલેજોને કાયમી મંજૂરી આપવાનો સર્વાનુમતે નિર્ણય થયો હતો. પરંતુ આ નિર્ણય અયોગ્ય હોવાનો ભાજપના સીન્ડીકેટ સભ્યો વચ્ચે અને શિક્ષણવિદો વચ્ચે ગણગણાટ શરૂ થયો છે. જેમાં મતમંતાર હોવાનું બહાર આવતા આગામી સીન્ડીકેટમાં ઉપરોકત નિર્ણય રદ થવાની શક્યતા છે. સીન્ડીકેટની બેઠકમાં નિર્ણય લેવાયા બાદ ભાજપના સીન્ડીકેટ સભ્યોને ભાજપના કેટલાક ટોચના હોદેદારોએ આ નિર્ણય અયોગ્ય હોવાનું જણાવ્યું હતું. આ નિર્ણયથી સેલ્ફફાયનાન્સ કોલેજના સંચાલકોને ઘણો ફાયદો થશે. આ ઉપરાંત યુનિવર્સિટીનો કોલેજ ઉપર દબાવ નહી રહે. આમાં વિદ્યાર્થીઓને પણ ઘણું નુકશાન થવાની શક્યતા છે. જેથી સેલ્ફફાયનાન્સ કોલેજો માટે દરવર્ષે સીન્ડીકેટમાં મંજૂરી લેવાનો નિર્ણય યોગ્ય હોવાનું જણાવ્યું હતું. દરવર્ષે મંજૂરીની પ્રક્રિયા દરમિયાન કોલેજની ગેરરિતીઓ પણ બહાર આવવાની શક્યતા છે. જેથી કોલેજ સામે મંજૂરી ન આપી યોગ્ય કાર્યવાહી કરી શકાય. બીજીબાજુ કેટલાક કોંગ્રેસના સીન્ડીકેટ સભ્યો અને પ્રદેશ આગેવાનો પણ હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી આ નિર્ણયને અયોગ્ય હોવાનું કહી રહ્યા છે. જોકે આ અંગે કોઈ હાલ જાહેરમાં બોલવા તૈયાર નથી. પરંતુ આગામી સીન્ડીકેટની બેઠકમાં આ નિર્ણય રદ થવાની શક્યતા છે.

# સ્કૂલ ઓફ એચિવર સંસ્કૃત ગાનમાં વિજેતા

## ભારત વિકાસ પરિષદે સ્પર્ધા યોજી હતી

ગાંધીનગર, તા. ૨૧

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર આયોજિત સંસ્કૃતમાં રાષ્ટ્રીય ગાન સ્પર્ધામાં સ્કુલ ઓફ એચિવર કુડાસણના બંને મીડિયમનું ગાયકવૃંદ પટેલ નિશાંત જાની, આયશી કાદરી, કીર્તિ રાવલ, વૈદહી દવે, ઉન્નતિ પટેલ, હિમાની પટેલ, માનસી પટેલ, પટેલ વિરાજ, બીજા ક્રમે વિજેતા બની પ્રમાણપત્ર મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. માર્ગદર્શક તરીકે સંગીત શિક્ષક અરવિંદ વોરા, સંસ્કૃત શિક્ષક જીવાણી નરેન્દ્રભાઈ સાથે શાળાના શિક્ષિકા બહેનો, રાઠોડ મૌસમી બેન, કુસુમબેન રાઠી, સંગીતાબેન પટેલે હાજર રહી માર્ગદર્શન આપેલ હતું. આચાર્ય કે.એસ. પટેલે અભિનંદન પાઠવેલ છે.

# સર્વ શિક્ષા એજયુકેશન ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

સર્વ શિક્ષા એજયુકેશન ટ્રસ્ટ દ્વારા ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સેકટર-૧૨, ગાંધીનગરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

યુવાનો દ્વારા ઘેર ઘેર જઈ તુલસીના છોડવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. રોડની બાજુમાં કોઈને નડતર ન થાય એ રીતે લીમડાના છોડવાઓ રોપવામાં આવ્યા હતા. ટ્રસ્ટના સભ્યો સાથે સેકટર-૧૨ના વૃક્ષપ્રેમી યુવાનોએ દરેક છોડને ઉછેરવાની જવાબદારી સ્વીકારી હતી. સંસ્થાના પ્રમુખ પ્રવીણ સુમેસરા, વોર્ડ નં. ૭ના કોર્પોરેટર પીન્કીબેન વિનોદભાઈ મેણાત, સાહિલ પરમાર, મહેશભાઈ રાવળ, અનિલ પરમાર, બિપિન પાંડોર, સુરેશ, કેયૂર, ચિરાગ, રાજેશ, દિનેશ, કલ્પેશ વગેરેએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# સંગીત એ પરમાત્મા દ્વારા મળેલું વરદાન છે

## સંગીત દર્શન

- ડો. ગૌરાંગ ભાવસાર

શ્રુતિ, રાગ અને તાલો પર આધારિત ભારતીય સંગીત આપણી સંસ્કૃતિનો અમૂલ્ય ખજાનો છે. સમય ચક્ર અને ઋતુઓની આવનજાવનના આશ્ચર્યચકિત કરી દેતા સંદેશાઓ એમાં વીંટળાઈને પડ્યા છે. સંગીતની સશક્ત અભિવ્યક્તિમાં કોઈપણ સહૃદય વ્યક્તિના મન-પ્રાણને વશીભૂત કરીને આનંદમાં તરબતર કરવાની અદ્‌ભૂત ક્ષમતા છે.

ભારતીય વિદ્વાનોએ સંગીતને હૃદયગત ભાવોની અભિવ્યક્તિનું સશક્ત માધ્યમ ગણીને એને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રાપ્તિનું સર્વોત્તમ સાધન માન્યું છે. મુક્તિ માટે જે ઉપકારક હોય એ જ સાચી કલા, બાકી બીજું બધું મનોરંજન અને માત્ર હળવું મનોરંજન કરવું કે ભૌતિક સુખ સંપત્તિ એકઠી કરવી એ આપણી ભારતીય કલાઓનું લક્ષ્ય કદી નથી.

સાધારણ રીતે સંગીતને હળવા મનોરંજનનું સાધન માનવામાં આવે છે. પરંતુ જે કલા મહાપરિશ્રમ અને જીવનભરની કઠિન સાધના બાદ જ પ્રાપ્ત થતી હોય, એવી મહાન કલા કેવળ સાધારણ મનોરંજન, ભૌતિક સુખ સામગ્રી કે વ્યસનપૂર્તિનું માત્ર સાધન કઈ રીતે બની શકે ? જે સંગીતમાં એની ધરતીની સુગંધ છવાયેલી હોય, જે સંગીત શાસ્ત્રો પર આધારિત અને પરંપરાગત સંચારિત હોય તથા જેમાં શુદ્ધતા અને સાત્ત્વિકતા સમાયેલાં હોય, એવું સંગીત માત્ર મનોરંજનની પરિપાટી સુધી સીમિત રહી શકે નહિ.

જેમ ફૂલોમાં સુગંધ છુપાયેલી હોય છે એમ જ સાચી કલામાં પરમ કલ્યાણની ભાવના છુપાયેલી હોય છે. સંગીતને ચૈતન્યશીલ કહેવામાં આવે છે, સાથે પરબ્રહ્મ પરમાત્મા દ્વારા મળેલું વરદાન માનવામાં આવે છે. એટલે જ તો કંઈ કેટલાયે પરબ્રહ્મના ઉપાસકો સાહિત્ય અને સંગીતના સહારે પરમ તત્ત્વમાં એકાકાર થઈને દેશ, સમાજ અને અનેક લોકોનું કલ્યાણ કરતા ગયા. સૂરદાસ, તુલસીદાસ, મીરાં, નરસિંહ, કબીર, નામદેવ, તુકારામ, ચૈતન્ય મહાપ્રભુ અને કંઈ કેટલાય સંતો સંગીત દ્વારા પોતાના ઈષ્ટદેવની આરાધના કરીને સ્વયં તો ભવસાગર તરી જ ગયા, સાથે-સાથે અનેકોને એના રંગે રંગીને તારતાય ગયા છે.

સંગીત શિક્ષા અત્યંત સાધનાનો વિષય છે. જીવનભર સાધના અને પૂર્ણ આત્મસમર્પણ સિવાય સાચી કલા પ્રાપ્ત કરવી અસંભવ છે. કેટલાક લોકો સપ્તાહમાં એકાદ કલાકનો સમય ફાળવીને કોઈક સંગીત શાળામાં સમૂહ વર્ગમાં શિક્ષા મેળવે છે. આનાથી ફક્ત કદાચ કોઈ કાનસેની શકે છે ખરો પણ તાનસેન બનવા માટે તો અતૂટ ગુરુભક્તિ, વ્યક્તિ પ્રતિભા, દૃઢ મનોબળ, પ્રખર પ્રજ્ઞા અને ઈશ્વરીય દેન હોય ત્યારે જ બની શકે.

સ્વર-લય-તાલના માધ્યમો દ્વારા પોતે અનુભવેલા મધુર સ્પંદનોને કલાત્મક અભિવ્યક્તિ દ્વારા જનતાના હાર્દ સુધી પહોંચાડનાર વ્યક્તિ એટલે કલાકાર ! આવો કલાકાર કલારૂપી અમૃતને પ્રાપ્ત કરીને સ્વયં તો ધન્ય થાય જ છે, સાથે પોતાના પરિવાર, સમાજ અને રાષ્ટ્રને પણ ધન્યતાથી ભરી દે છે. એટલે જ તો કહ્યું છે કે કોઈ સમાજ, કોમ કે રાષ્ટ્રની પ્રગતિનો આધાર વિચાર એની કલા અને સંસ્કૃતિના વિકાસ ઉપર અવલંબિત છે.

સાહિત્ય અને સંગીતમાં ભાવ અને રસનું ઘણું જ મહત્ત્વ છે. શબ્દ અને સ્વરનું મૂળ એક જ છે : નાદ ! અને બંનેનું લક્ષ્ય ભાવોનું પ્રદર્શન છે. એટલે જ શબ્દ સ્વર, લય, તાલ, ભાષા, વાદ્ય, નૃત્ય, નાટ્ય વગેરેનું પ્રદર્શન ભાવપ્રધાન હોય છે. બલકે ભાવ જ સંગીત અને સાહિત્યનો આત્મા છે. ભાવ અને સૌંદર્યના કલાત્મક સંયોગથી ઉદ્‌ભવે છે. રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, ઘૃણા, શૃંગાર, હાસ્ય, કરૂણ, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, અદ્‌ભૂત અને શાંત જેવા નવ રસોનાં પ્રતીક છે.

જ્યારે કોઈ કલાકાર પોતાના ગાયન, વાદન કે નૃત્યના પ્રદર્શનમાં આ નવ રસોમાંના કોઈ એક વિશેષ ભાવને ઉત્તેજિત કરીને એમાં પોતાના શ્રોતાઓને પૂર્ણ તન્મય બનાવે છે ત્યારે એ તન્મયાવસ્થા રસાનુભૂતિની અવસ્થા કહેવાય છે. આ અવસ્થા જ સંગીતનું સાચું હાર્દ છે. આનંદની પરાકાષ્ઠા છે.

એના વિના સંગીત એ વિડંબના છે. જે સંગીતમાં રસ કે ભાવ નથી, શ્રોતાઓને રસમય બનાવવાની શક્તિ નથી એ સંગીત માત્ર ગળાબાજી અથવા શોભાના ગાંઠિયા જેવી કારીગરી છે. ઘોંઘાટ, ધાંધલ, ધમાલ છે. નૃત્યના નામે અંગ પ્રદર્શનની વિકૃત મનોવૃત્તિ છે. આવા પ્રકારનું સંગીત કદાચ થોડી ક્ષણો પૂરતું મન યા મગજને ઉત્તિજેત કરીને થોડું મનોરંજન પીરસે ખરું, પણ એ હૈયા સુધી પહોંચીને દિલને સ્પર્શી શકતું નથી. હૃદયને આનંદ આપી શકતું નથી. શાશ્વત સંગીત કલ્યાણકારી છે, મુક્તિદાતા છે, આનંદ સ્વરૂપ છે ! એના શ્રવણથી વ્યક્તિગત રાગદ્વેષ નાશ પામીને સત્વ ગુણનો ઉદય થાય છે, એ પરમાત્માના માર્ગનો રાહ છે. એટલે જ એ સત્યમ્ છે, શિવમ્ છે, સુન્દરમ્ છે.

તેથી જ પંડિત અહોબલ કહે છે કે વિણા વગાડવાના તત્ત્વનો જાણવાવાળા, શ્રુતિઓ તથા સ્વરોના જાતિભેદને સમજવાવાળા તથા તાલના તાલમાપ જાણવાવાળા જ મોક્ષમાર્ગ માટે અગ્રેસર હોય છે.

પાયથાગોરસ કહે છે કે સંગીત વિશ્વના અણુ-અણુમાં વ્યાપ્ત છે.

રવિન્દ્રનાથ ટાગોર કહે છે કે દુનિયા મારી સાથે ચિત્રોમાં વાત કરે છે. મારો આત્મા એનો ઉત્તર સંગીતમાં આપે છે.

શૅક્સપિયર કહે છે કે જે મનુષ્ય સંગીત કલા જાણતો નથી અને જેની ઉપર સંગીતની અસર થતી નથી તે રાજદ્રોહી અને સમાજદ્રોહી છે.

થિયરી ઑફ અરબ મ્યુઝીક પુસ્તકમાં લખ્યું છે કે સંગીત સમસ્ત વિજ્ઞાનનો મૂળ આધાર છે. ઈશ્વર દ્વારા તેનું નિર્માણ વિશ્વની વર્તમાન પ્રવૃત્તિઓના નિરાકરણ માટે થયું છે.

સ્કાટ કહે છે કે જે મનુષ્યનું હૃદય સંગીતના મધુર સ્વરથી ધબકતું નથી તે પોતાના આત્માની સાથે અંતિમ શ્વાસો ગણે છે.

આમ ભારતીય સંગીતમાં એક પરમ અધ્યાત્મ છુપાયેલું છે. એને પામવા માટે સંગીતની સ્વરાવલીમાં ભીંજાવું જરૂરી છે. ત્યારે જ સંગીતમાં રહેલ પરમ તત્ત્વને પામી શકાય.



